## મદદ કરી શકે તેવી સંસ્થાઓ

**ટોરોન્ટો શહેર:** 311

---

### ફેડરેશન ઓફ મેટ્રો ટેનન્ટ્સ એસોસિએશન (FMTA)

ટોરોન્ટોમાં ભાડૂતના અધિકારો અને જવાબદારીઓ વિશેના પ્રશ્નોના જવાબ આપે છે.

416-921-9494

hotline@torontotenants.org

---

### કેનેડિયન સેન્ટર ફોર હાઉસિંગ રાઇટ્સ

ઑન્ટારિયોમાં મિલકત ભાડે આપનારા એવા માલિકોને નિ:શુલ્ક અને ગોપનીય રીતે વ્યક્તિગત સેવાઓ પ્રદાન કરે છે કે જેઓ તેમના આવાસમાં પડકારોનો સામનો કરી રહ્યા છે.

416-944-0087

cchr@housingrightscanada.com

---

### લીગલ એઇડ ઑન્ટારિયો

ઓછી આવક ધરાવતા ભાડૂતોને નિ:શુલ્ક કાનૂની સલાહ પ્રદાન છે.

1-800-668-8258

legalaid.on.ca/legal-clinics

---

### સેન્ટર ફોર ઇમિગ્રન્ટ એન્ડ કમ્યુનિટિ સર્વિસિસ (CICS)

ટોરોન્ટોમાં ભાડૂતના અધિકારો અને જવાબદારીઓ વિશેના પ્રશ્નોના જવાબ આપે છે.

416-292-7510 એક્સટેન્શન. 1222

housing.support@cicscanada.com

**ટેક્સ્ટ અથવા Whatsapp:** 647-473-2065

કાનૂની મદદ પ્રદાન કરી શકે તેવી વધારાની સંસ્થાઓ વિશે માહિતી માટે, ની મુલાકાત લો

**toronto.ca/EvictionHelp**

# એક કરતાં વધારે ભાડૂત રહેતા હોય તેવા (રૂમિંગ) ઘરો ભાડે આપનારાઓના અધિકારો



TORONTO

311 toronto at your service

## મિલકત ભાડે અપનારાઓ માટે માહિતી

એક કરતાં વધારે ભાડૂત રહેતા હોય તેવા (રૂમિંગ) ઘરો એવી ઇમારતો છે કે જેમાં અલગ-અલગ લોકોને ચાર કે તેથી વધુ રૂમ ભાડે આપવામાં આવે છે. ભાડૂતો રસોડું અને/અથવા વૉશરૂમ શેર કરી શકે છે પરંતુ તેઓ એક જ પરિવાર તરીકે સાથે રહેતા નથી.

**શહેર મકાન માલિકો સાથે સહયોગ કરીને કામ કરશે અને જ્યાં સુધી આગ અથવા જીવન સલામતીને લગતા ગંભીર જોખમની ઓળખ ન થાય ત્યાં સુધી એક કરતાં વધારે ભાડૂત રહેતા હોય તેવા ઘરને બંધ કરશે નહીં. જે ભાડૂતોએ આગ અથવા કટોકટીમાં ખાલી કરવાના કારણે તેમનું ઘર છોડવું જરૂરી બને તેમને કટોકટી વખતની સામાજિક સેવાઓ ટૂંકા ગાળાના આવાસ અને કપડાં અને ખોરાક જેવી આવશ્યક વસ્તુઓના ઍક્સેસ સહિતની મદદ કરી શકે છે. ભાડૂતો વધુ માહિતી માટે 311 પર કૉલ કરી શકે છે.**

## એક કરતાં વધારે ભાડૂત રહેતા હોય તેવા ઘરોમાં તમારા અધિકારો

- મોટાભાગના ભાડૂતો ઑન્ટારિયોના રેસિડેન્શિયલ ટેનન્સી એક્ટ (RTA) દ્વારા સુરક્ષિત છે. આ કાયદાઓ મકાન માલિકો અને ભાડૂતોના અધિકારો અને જવાબદારીઓની રૂપરેખા આપે છે. તમારા મકાન માલિક તમને મકાન ખાલી કરવાની અધિકૃત નોટિસ આપ્યા વિના બહાર કાઢી શકતા નથી. આ નોટિસનો **અર્થ એ નથી કે તમારે બહાર જવાની જરૂર છે**. જો તમને તમારા મકાન માલિક તરફથી ખાલી કરવાની નોટિસ મળે, તો કાનૂની સલાહ મેળવો. જ્યાં સુધી તમારા મકાન માલિક લૅન્ડલૉર્ડ ઍન્ડ ટેનન્ટ બૉર્ડ (LTB) સમક્ષ ખાલી કરવાની અરજી ફાઇલ ન કરે અને LTB **ખાલી કરવાનો ઑર્ડર** જારી ન કરે ત્યાં સુધી તમારે બહાર જવાની જરૂર નથી.
- જો તમારા મકાન માલિકે તમારી વિરુદ્ધ મકાન ખાલી કરવાની અરજી ફાઇલ કરી હોય, તો તમે ltb@ontario.ca પર ઈમેલ કરીને LTBમાં તપાસ કરી શકો છો અને તમારા અને તમારા એપાર્ટમેન્ટ વિશેની તમામ નોટિસ તમને ઈમેલ કરવાનું કહી શકો છો. જો તમારા એક કરતાં વધારે ભાડૂત રહેતાં હોય તેવા ઘરને શહેર દ્વારા લાઇસન્સ પ્રાપ્ત ન હોય, તો પણ તમે RTA દ્વારા સુરક્ષિત છો. **તમારા મકાન માલિક ફક્ત ઘરનું લાઇસન્સ ન હોવાના કારણે તમારી પાસે ઘર ખાલી કરાવી શકતા નથી.**

મોટાભાગના એક કરતાં વધારે ભાડૂત રહેતા હોય તેવા ઘરોમાં રહેતા ભાડૂતોને RTA હેઠળ આવરી લેવામાં આવ્યા છે, જે તેમને મકાન ખાલી કરવા સામે રક્ષણ પૂરું પાડી શકે છે. કેટલાક ભાડૂતોને આવરી લેવામાં આવ્યા નથી, ઉદાહરણ તરીકે, જો તેઓ માલિક અથવા તેમના નજીકના પરિવાર સાથે રસોડું અથવા બાથરૂમ શેર કરે છે, જો તેઓ શાળાના શયનગૃહમાં અથવા અમુક પ્રકારની રૂમમેટની પરિસ્થિતિઓમાં રહે છે. તમારી કાનૂની સ્થિતિને લગતા પ્રશ્નો માટે 416-921-9494 પર FMTA ટેનન્ટ હોટલાઇનને કૉલ કરો.

RTA વિશે વધુ માહિતી માટે, **https://tribunalsontario.ca/ltb/renting-in-ontario/**ની મુલાકાત લો

## મકાન માલિકની જવાબદારીઓ અને ફરિયાદ કેવી રીતે સબમિટ કરવી

મકાન માલિકો બાથરૂમ, રસોડા અને હૉલવે સહિતની સામાન્ય જગ્યાઓની સફાઇ અને જાળવણી કરવા માટે જવાબદાર છે. મકાન માલિક પાસે કચરા અને જંતુઓના વ્યવસ્થાપન માટેના આયોજનો પણ હોવા જોઈએ. જો ત્યાં જંતુઓ હોય, તો મકાન માલિકે તેનો ફેલાવો અટકાવવા અને તેને દૂર કરવા માટે પૂરતા પગલાં લેવા જરૂરી છે.

તમારા મકાન માલિકે બિન-તાકીદની સેવાની વિનંતીઓનો સાત દિવસની અંદર અને તાકીદની સેવાની વિનંતીઓનો 24 કલાકની અંદર જવાબ આપવો જરૂરી છે. તાકીદની વિનંતીઓમાં બળતણ, વીજળી, ગેસ, ગરમી, ઠંડા અથવા ગરમ પાણીની સમસ્યાઓ સામેલ હોઈ શકે છે.

શું તમારા એક કરતાં વધારે ભાડૂત રહેતા હોય તેવા ઘરના રૂમ અથવા સામાન્ય વિસ્તાર વિશે કોઈ ફરિયાદ છે? તમારા મકાન માલિક સાથે વાત કરો અને લેખિતમાં ફરિયાદ દાખલ કરો.

જો તમારા મકાન માલિક કોઈ કાર્યવાહી કરે નહીં અને સમસ્યાઓ યથાવત રહે, તો 311 પર સંપર્ક કરો. એકવાર તમારી ફરિયાદ 311 પર સબમિટ થઈ ગયા પછી, શહેરના કર્મચારીઓ તપાસ કરશે અને યોગ્ય પગલાં લેશે.

તમે toronto.ca/311 પર 311 દ્વારા તમને પ્રદાન કરેલ સંદર્ભ નંબરનો ઉપયોગ કરીને તમારી વિનંતીની સ્થિતિ ચકાસી શકો છો.

ટોરોન્ટોમાં એક કરતાં વધુ ભાડૂતો રહેતાં હોય તેવા ઘરો વિશે વધુ માહિતી માટે, **toronto.ca/MultiTenantHouses**ની મુલાકાત લો